# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-06-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.

**************************************************

1) બ્રિટનના વિદેશ મંત્રી ડેવિડ લૈમીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરી.

2) કર્ણાટક સરકારે ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં થયેલી ભાગદોડમાં માર્યા ગયેલા 11 લોકોના પરિવારજનો માટે વળતરની રકમ વધારીને 25 લાખ કરી

3) દિલ્હી પોલીસે શહેરમાં ગેરકાયદે રહેતા 66 બાંગ્લાદેશી નાગરિકોની અટકાયત કરી

4) હરિફ રાજકીય પક્ષને નાણાકિય ભંડોળ પુરૂ પાડવા સામે ટ્રમ્પની મસ્કને ચેતવણી

5) અમેરિકાની કોકો ગૌફે બેલારુસની આર્યના સબાલેન્કાને હરાવીને ફ્રેન્ચ ઓપન ટેનિસ સ્પર્ધાનો મહિલા સિંગલ્સનો ખિતાબ જીત્યો

........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-DAVID-LAMMY

બ્રિટનના વિદેશ મંત્રી ડેવિડ લૈમીએ ગઈકાલે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. શ્રી મોદીએ બંને દેશો વચ્ચે વધતા સંબંધોનું સ્વાગત કર્યું અને ભારત-બ્રિટન વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવવા પર સંતોષ વ્યક્ત કર્યો.

વિદેશ મંત્રી ડેવિડ લૈમીએ મુક્ત વેપાર કરાર બંને દેશો માટે નવી આર્થિક તકો લાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.બંને નેતાઓએ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરી. શ્રી લૈમીએ પહેલગામ આતંકવાદી હુમલાની કડક નિંદા કરી અને સરહદ પાર આતંકવાદ સામે ભારતની લડાઈને ટેકો આપ્યો.

# ALL-PARTY-DELEGATION

ભાજપ સાંસદ રવિશંકર પ્રસાદના નેતૃત્વમાં સર્વપક્ષીય સંસદીય પ્રતિનિધિમંડળે ગઈકાલે જર્મનીની મુલાકાત પૂર્ણ કરી છે. આ મુલાકાત દરમિયાન, આતંકવાદ સામે ભારતની મક્કમ અને સૈદ્ધાંતિક સ્થિતિને ટોચના રાજકીય નેતૃત્વ અને નિર્ણયકર્તાઓ સમક્ષ રજૂ કરાઇ. પ્રતિનિધિમંડળે ઓપરેશન સિંદૂર વિશે માહિતી આપી હતી. ઉપરાંત વિદેશ નીતિ અને આંતરરાષ્ટ્રીય બાબતોના ક્ષેત્રોમાં  જર્મનીના વરિષ્ઠ સાંસદો સાથે ચર્ચા કરવામાં આવી હતી.આ દરમ્યાન રવિશંકર પ્રસાદે પાકિસ્તાનની નીતિઓની ટીકા કરી હતી.

(બાઈટ: RAVISHANKAR-ON-PAKISTAN)

આતંકવાદ સામેની લડાઈમાં આંતરરાષ્ટ્રીય સમુદાયને એકસાથે આવવાની તાકીદની જરૂરિયાત અંગે જર્મનીએ ભારતના વલણને સમર્થન આપ્યું હતું.

# AMIT-SHAH-MADURAI

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે તમિલનાડુના મદુરાઈમાં ભાજપની રાજ્ય કોર કમિટીની બેઠકની અધ્યક્ષતા કરશે અને પાર્ટીના પદાધિકારીઓ સાથે વાતચીત કરશે. તેઓ ગઈકાલે રાત્રે તમિલનાડુના મદુરાઈ પહોંચ્યા હતા. શ્રી શાહ મીનાક્ષી અમ્માન મંદિરે દર્શન કરશે.

સાંજે, શ્રી શાહ ઓથાકડાઈમાં પાર્ટીની મુખ્ય બેઠકને સંબોધન કરશે. જેમાં રાજ્ય, જિલ્લા અને તાલુકા સ્તરના ભાજપ કાર્યકર્તાઓ ભાગ થશે.

# MANIPUR-INTERNET-SERVICES

મણિપુર સરકારે મૈત્રેઇ જૂથના નેતા અરંબાઈ ટેંગોલની ધરપકડને લઈને થઈ રહેલા વિરોધ પ્રદર્શનો બાદ પાંચ જિલ્લામાં ગઈકાલે મધરાતથી પાંચ દિવસ માટે ઇન્ટરનેટ અને મોબાઇલ ડેટા સેવાઓ સ્થગિત કરવાનો આદેશ આપ્યો છે.

આ જિલ્લામાં ઇમ્ફાલ પશ્ચિમ, ઇમ્ફાલ પૂર્વ, થૌબલ, વિષ્ણુપુર અને કાકચિંગનો સમાવેશ થાય છે. સરકાર દ્વારા જાહેર કરાયેલા આદેશમાં જણાવાયું કે, પ્રવર્તમાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને દ્વેષપૂર્ણ

વિડિઓ સંદેશાઓ પ્રસારિત કરવા સોશિયલ મીડિયાનો વ્યાપક ઉપયોગ થવાની શક્યતાને લઈને આ સેવાઓ સ્થગિત કરાઇ છે.

# KARNATAKA-CM-COMPENSATION

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ બેંગલુરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં થયેલી ભાગદોડમાં માર્યા ગયેલા 11 લોકોના પરિવારજનો માટે વળતર રકમ વધારીને 25 લાખ રૂપિયા કરવાનો આદેશ આપ્યો છે.

અગાઉ રાજ્ય સરકારે દરેક પરિવારને 10 લાખ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી હતી. જો કે  કેન્દ્રીય મંત્રી એચ.ડી. કુમારસ્વામી, તથા કેન્દ્રીય રાજ્યમંત્રી શોભા કરંદલાજે સહિત ભાજપના નેતાઓએ મૃતકોના પરિવારજનો માટે 50 લાખ રૂપિયાના વળતરની માંગ કરી છે.

મૃતકોના પરિજનોને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ 10 લાખ રૂપિયાનું જ્યારે કર્ણાટક રાજ્ય ક્રિકેટ એસોસિએશને પાંચ લાખ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી છે. ઉલ્લેખનીય છે કે, CIDની વિશેષ શાખાએ ચિન્નાસ્વામી ભાગદોડ દુર્ઘટનાની તપાસ શરૂ કરી દીધી છે.

# DMRC-TUNNEL

દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશન (DMRC) એ ફેઝ-4ના તુગલકાબાદ-એરોસિટી કોરિડોર પર મા આનંદમયી માર્ગ અને તુગલકાબાદ રેલ્વે કોલોની સ્ટેશન વચ્ચે ભૂગર્ભ ટનલનું બાંધકામ પૂર્ણ કર્યું, જેને ગોલ્ડન લાઇન તરીકે પણ ઓળખવામાં આવે છે.

**ટનલ બોરિંગ મશીનનું કામકાજ દિલ્હીના NCTના પરિવહન મંત્રી ડૉ. પંકજ કુમાર સિંહની હાજરીમાં પૂર્ણ થયું. DMRC ના મેનેજિંગ ડિરેક્ટર અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર હતા. આ નવી ટનલ આશરે 18 મીટરની સરેરાશ ઊંડાઈએ બનાવવામાં આવી છે. ટનલમાં લગભગ 566 રિંગ્સ સ્થાપિત કરવામાં આવ્યા છે, જેનો આંતરિક વ્યાસ 5.8 મીટર છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# DELHI-BANGLADESHI

**દિલ્હી પોલીસે શહેરમાં ઘણા વર્ષોથી ગેરકાયદે રહેતા 66 બાંગ્લાદેશી નાગરિકોની અટકાયત કરી છે. પોલીસે જણાવ્યું કે, માન્ય દસ્તાવેજો વિના ઉત્તરપશ્ચિમ દિલ્હીમાં રહેતા બાંગ્લાદેશીઓ પરત મોકલવાની પ્રક્રિયા હાથ ધરાઇ છે. પોલીસે આ વિદેશી નાગરિકો સામે કાયદાકીય કાર્યવાહી શરૂ કરવા માટે ફોરેનર્સ રિજનલ રજિસ્ટ્રેશન ઓફિસ સાથે સંકલન કર્યું હતું.**

# JITENDRA FRANCE

પૃથ્વી વિજ્ઞાન મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહ આંતરરાષ્ટ્રીય મહાસાગર પરિષદમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરવા ફ્રાન્સ જવા રવાના થયા છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસાગર પરિષદ આજથી આ મહિનાની 13 તારીખ સુધી નાઇસ ખાતે યોજાઈ રહી છે.

આ ઉચ્ચ સ્તરીય આંતરરાષ્ટ્રીય સંમેલનમાં વિશ્વભરના નેતાઓ, વૈજ્ઞાનિકો, નીતિ નિર્માતાઓ વિશ્વભરના સમુદ્રોના સ્વાસ્થ્ય માટે ટકાઉ સમુદ્ર શાસન અને નક્કર પગલાં અંગે ચર્ચા કરશે. મંત્રીની ફ્રાન્સની મુલાકાત સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ પગલું છે કારણ કે તે સમુદ્ર ટકાઉપણું અને દરિયાઈ સહયોગ પર ભારતના વૈશ્વિક જોડાણ પ્રત્યે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરશે. આગામી ત્રણ દિવસ દરમિયાન શ્રી સિંહ મુખ્ય ભાગીદાર દેશોના મંત્રીઓ સાથે દ્વિપક્ષીય બેઠકોમાં ભાગ લેશે.

# J-K-L-G-SHRI-AMARNATH-JI-BOARD

જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહાના અધ્યક્ષસ્થાને શ્રી અમરનાથજી શ્રાઈન બોર્ડની બેઠક યોજાઈ હતી. જેમાં તમામ વિભાગોની તૈયારીઓની વ્યાપક સમીક્ષા કરવામાં આવી અને શ્રદ્ધાળુઓ માટેની સુવિધાઓમાં વધુ સુધારો કરવા વિવિધ પહેલો અંગે ચર્ચા કરાઇ.

ઉપ-રાજ્યપાલે યાત્રાળુઓની સુવિધા માટેના કાર્યો સમયસર પૂર્ણ કરવા માટે નિર્દેશ આપ્યો હતો. આ વર્ષે, શ્રી અમરનાથજી યાત્રા ત્રણ જુલાઈએ પહેલગામ અને બાલતાલથી એક સાથે શરૂ થશે.

# PUNJAB-NIA CHARGSHEET

રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ 2024માં હરિયાણાના ગુરુગ્રામમાં બે ક્લબમાં બોમ્બ હુમલા સંબંધિત કેસમાં આતંકવાદી ગોલ્ડી બ્રાર સહિત પાંચ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી છે. NIAએ કેનેડા સ્થિત ગોલ્ડી બ્રાર, સચિન તાલિયાન, અંકિત, ભાવિશ અને યુએસ સ્થિત રણદીપ સિંહ પર ભારતીય ન્યાય સંહિતા આર્મ્સ એક્ટ, એક્સપ્લોઝિવ સબસ્ટન્સ એક્ટની વિવિધ કલમો હેઠળ આરોપ મૂક્યો છે.

ગોલ્ડી બ્રાર અને રણદીપ મલિક સિવાય, આ કેસમાં અન્ય તમામની ધરપકડ કરવામાં આવી છે. NIAની તપાસ મુજબ, આ આતંકવાદી વિવિધ ગુનાહિત પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે સામેલ છે જેમાં આતંકવાદી ભંડોળ એકત્ર કરવું, વિસ્ફોટકો અને શસ્ત્રો અને દારૂગોળો મેળવવો અને દેશની અખંડિતતા, સુરક્ષા અને સાર્વભૌમત્વને જોખમમાં મૂકવા સહિતની પ્રવૃતિઓ સામેલ છે.

# TRUMP-MUSK

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એલોન મસ્કને ડેમોક્રેટિક ઉમેદવારોને ભંડોળ પૂરું પાડશે તો તેના ગંભીર પરિણામો રહેશે તેવી ચેતવણી આપી છે. ટ્રમ્પે તેમના એલોન મસ્ક સાથેના સંબંધો સુધારવાના વિચારને પણ ફગાવી દીધો હતો. એક ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે જણાવ્યું કે, મસ્ક રાષ્ટ્રપ્રમુખના કાર્યાલયનો અનાદર કરે છે.

# FRENCH-OPEN-TENNIS

ફ્રેન્ચ ઓપન ટેનિસ સ્પર્ધામાં, અમેરિકાની કોકો ગૌફે વિશ્વની નંબર 1 ખેલાડી બેલારુસની આર્યના સબાલેન્કાને 6-4, 6-2, 6-4 થી હરાવીને મહિલા સિંગલ્સનો ખિતાબ જીતી લીધો છે. આ ખિતાબ કોકો ગૌફનો પહેલો ફ્રેન્ચ ઓપન અને બીજો ગ્રાન્ડ સ્લેમ ખિતાબ  છે.

આજે પુરુષ સિંગલ્સની ફાઇનલમાં, કાર્લોસ અલ્કાનરાઝનો સામનો યાનિક સિનર સામે થશે.મહિલા ડબલ્સની ફાઇનલમાં, ઇટાલીની સારા એરાની અને જસ્મિલન પાઓલિનીની જોડી કઝાકિસ્તાનની અન્ના એડેનિલિના અને સર્બિયાની એલેક્ઝાન્ડ્રા સામે રમશે.

. . . . . . . . . . . . . . .

<u>અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા</u>

1) ગુજરાત સમાચારે લખ્યુ છે કે રશિયા યુક્રેન પર પરમાણુ હુમલો કરવાની તૈયારીમાં

2) દિવ્ય ભાસ્કરે પહેલા પેજ ઉપર ઉત્તરાખંડમાં હેલિકોપ્ટરનું રસ્તા ઉપર ઇમરજન્સી લેન્ડિંગની તસવીર સાથે બોક્સ બનાવીને સમાચાર છાપ્યાં છે

3) મહારાષ્ટ્રની ચૂંટણીમાં મેચ ફિકસિંગના રાહુલગાંધીના આરોપને ચૂંટણી પંચે પાયાવિહોણા ગણાવ્યાના સમાચારની હેડલાઇન સંદેશે બનાવી છે

4) 2024ની મહારાષ્ટ્ર ચૂંટણીમાં ગોઠવણનો રાહુલગાંધીનો આરોપ આ સમાચાર પહેલા પેજ ઉપર ફૂલછાબ દૈનિકે આપ્યાં છે.

5) બિહારમાં મેચ ફિકસિંગ થઇ શકે છે રાહુલના આક્ષેપથી હોબાળો આ હેડલાઇન નવ ગુજરાત સમાચારે બનાવી છે

6) જ્યારે અખબારોએ અન્ય સમાચારોમાં આતંકવાદ સામેની લડાઇમાં અમેરિકા ભારતન પડખે, કેનેડામાં મોદીને ઘેરવાની પન્નુની ધમકી, ભારતમાં ગરીબોની સંખ્યા ઘટી, ખેડૂત કલ્યાણ માટેના પ્રયાસો વધુ ઉત્સાહ સાથે ચાલુ રહેશે તેવું મોદીનું નિવેદન જેવા સમાચાર વાંચવા મળી રહ્યાં છે.

સ્થાનિક અને રાજ્યના સમાચારમાં

7) મેટ્રો રેલ લાઇનમાંથી કેબલની ચોરી કરનારી ગેંગ ઝડપાઇ, કોરોનાના કેસમાં સતત વધારો જેવા સમાચાર વાંચવા મળી રહ્યાં છે.